# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

## જુના સચિવાલય પાસે, સેકટર-૧૦/બી, ગાંધીનગર.

## બિન અનુદાનિત (નોન-ગ્રાન્ટ-ઇન-એઇડ) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ક્રમિક વર્ગ, સળંગ એકમ અને વધારાના વર્ગ શરૂ કરવા માટેની જાહેરાત

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં નોંધાયેલી (રજિસ્ટર) બિન અનુદાનિત (નોન-ગ્રાન્ટ-ઇન-એઇડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક ૧૦(૧) ની જોગવાઇ મુજબ હાલ ચાલુ વર્ગોના વધારાના વર્ગો શરૂ કરવા તથા હાલ શાળામાં ચાલુ ધોરણનો ઉપરનો ક્રમિક વર્ગ અને સળંગ એકમ જૂન-૨૦૨૪ થી શરૂ કરવા માટે બોર્ડ દ્વારા તા.૦૯/૦૫/૨૦૨૪ થી તા.૧૫/૦૭/૨૦૨૪ સુધી Online દરખાસ્ત મંગાવવામાં આવે છે.

દરખાસ્ત કરવા માટે બોર્ડની વેબસાઇટ www.gseb.org પર New Class Application દ્વારા અરજી કરી શકાશે. Website પર દર્શાવેલ સૂચનાઓનો કાળજી પૂર્વક અભ્યાસ કરીને જ Online Application Form ભરવાનું રહેશે. વિગતોમાં વિસંગતતા જણાશે તો તે અરજી રદ થવાને પાત્ર રહેશે.

ઓનલાઇન દરખાસ્ત કરવા માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. રજીસ્ટ્રેશન કર્યેથી ઇ-મેલ પર મળેલા આઇ.ડી. અને પાસવર્ડ મારફતે લોગીન કરીને ઓનલાઇન SBI-E-Pay Payment System મારફતે વધારાના વર્ગ / હાલના ચાલુ ધોરણનો ઉપરનો ક્રમિક વર્ગ / સળંગ એકમની વર્ગદીઠ ફી રૂ.૧૫,૦૦૦/- ભરીને ઓનલાઇન દરખાસ્ત માટેની અરજી કરી શકાશે. આ દરખાસ્ત ફી કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર રહેશે નહીં..

(એન.જી.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર
તારીખ :૦૯/૦૫/૨૦૨૪

D:\RAHUL\G-AKHBARI.doc